# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852

અખબારી યાદી નં.01

વિષય: શિક્ષક વિભાગની મતદાર યાદી અંગે.

યુનિવર્સિટીના સ્ટેચ્યુટ-3 અનુસાર શિક્ષક વિભાગની તા.31-12-2014ની મતદાર યાદી નવેસરથી તૈયાર કરેલ છે જેમાં કુલ-214 શિક્ષકોના નામનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ-106 તથા ઓર્ડિનન્સ 162 મુજબ શિક્ષકની વ્યાખ્યામાં આવતાં શિક્ષકગણનો આ મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નામ અને તેની સાથે સકળાયેલા શિક્ષકોનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે યુનિવર્સિટી વેબસાઈટ **www. ayurveduniversity.edu.in** ઉપર ઉપલબ્ધ છે

---

નં.આયુ/યુનિ/માહિતી/2015-16/125 તારીખ :09-04-2015

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

......................................

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાને લાભાર્થે બહોળી પ્રસિદ્ધ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/પ્રસારિત કરવા વિનંતી.

આભાર સહ,

આપની વિશ્વાસુ,

( એમ.પી.ત્રિવેદી )

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાનાઃ

1. સર્વે તંત્રીશ્રી-પ્રેસ પ્રતિનિધિશ્રીઓ તરફ (ઇ.મેઇલથી મોકલેલ છે.)
2. નાયબ માહિતી નિયામકશ્રી,લાલબંગલો,જામનગર(સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ (આપના વિભાગમાં નોટીસ બોર્ડમાં મૂકવાની સૂચના સાથે.)
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)
5. આયુર્વેદ ફોર હેલ્થ-૧૬ સરસ્વતી સોસાયટી અડાલજ,ગાંધીનગર
6. તંત્રીશ્રી,ન્યુઝ લેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ., જામનગર
7. તંત્રીશ્રી,ન્યુઝ ફ્લેશ, આચાર્યશ્રી, આઇ.આઇ.એ.પી.એસ., જામનગર

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


અખબારી યાદી નં.02

વિષય:ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી વૈદ્યશ્રી રાજેશ કોટેચા "પદ્મશ્રી" એવોર્ડથી વિભૂષિત

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના 13મા કુલપતિશ્રી તરીકે કાર્યરત વૈદ્યશ્રી રાજેશ કોટેચા સાહેબને મહામહિમ રાષ્ટ્રપતિ તરફથી સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "પદ્મશ્રી" એવોર્ડ એનાયત થયેલ છે. જે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી પરિવાર તથા આયુર્વેદવિશ્વ સાથે સંકળાયેલા લોકો માટે ગૌરવપ્રદ છે.

રાષ્ટ્રીય કક્ષાના ત્રણ સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર – પદ્મશ્રી, પદ્મવિભૂષણ અને પદ્મભૂષણ પૈકી વર્ષ 1954થી ભારત સરકાર દ્વારા સમાજસેવા, કલા, શિક્ષણ, ઉદ્યોગ, સાહિત્ય, વિજ્ઞાન, રમતગમત, દવા અને નાગરિકસેવા ઇત્યાદિ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર ભારતીય નાગરિકને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. દર વર્ષે 26 જાન્યુઆરીના રોજ ભારતના રાષ્ટ્રપ્રમુખ દ્વારા આ પુરસ્કારોની ઘોષણા કરવામાં આવે છે. વર્ષ 2015માં 104 વિભૂતિઓને આ સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે, જેમાં 9 પદ્મવિભૂષણ, 20 પદ્મભૂષણ અને 75 પદ્મશ્રી પુરસ્કારોનો સમાવેશ થાય છે. જે પૈકી ગુજરાત રાજ્ય તેમજ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી તથા આયુર્વેદ જગતમાં યશકલગીમાં ઉમેરો થયેલ છે.

મા.કુલપતિશ્રી વૈદ્યશ્રી રાજેશ કોટેચા કોડિનારના વતની અને રાજસ્થાનને કાર્યક્ષેત્ર બનાવનાર વૈદ્યશ્રી રાજેશ કોટેચાએ 1985માં બી.એ.એમ.એસ. અને 1991માં એમ.ડી. (આયુર્વેદ)ની પદવી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાંથી જ મેળવી છે. વધુમાં, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી ફુડ એન્ડ ન્યુટ્રિશનની ડિગ્રી મેળવી છે.

ડિસેમ્બર 1991 થી મે 1995 દરમિયાન તેમણે મહાત્મા ગાંધી ચિત્રકૂટ ગ્રામોદય યુનિવર્સિટી, ચિત્રકૂટ, મધ્યપ્રદેશમાં હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ, તરીકે તેમજ નવેમ્બર 1996થી એપ્રિલ 1998 દરમિયાન તે જ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના કાયચિકિત્સા વિભાગના વિભાગીય વડા તરીકે ફરજો બજાવી છે. જે.આર.ડી. ટાટા ફાઉન્ડેશન ફોર રિસર્ચ ઇન આયુર્વેદ એન્ડ યોગા સાયન્સીસ, ચિત્રકૂટ ખાતે તેમણે જૂન 1995 થી ઑક્ટોબર 1996 સુધી સંશોધન-નિયામક તરીકે જોડાયેલા હતા. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં પીજીટી બોર્ડમાં પણ તેમણે અગાઉ નિયુક્ત સભ્ય તરીકે સેવાઓ આપી છે.

અમેરિકા, જર્મન, ફ્રાંસ ઉપરાંત અનેક દેશોમાં આયુર્વેદના શિક્ષણ, ચિકિત્સા અને પ્રચાર-પ્રસાર માટે પ્રવાસ ખેડનાર વૈદ્યશ્રી કોટેચાએ રાજસ્થાનમાં જયપુર ખાતે ચક્રપાણી આયુર્વેદ ચિકિત્સાલયના સીઇઓ તરીકે પણ આયુર્વેદનો સામાન્ય જન જ નહીં, પરંતુ મોટી વિભૂતિઓ સુધી વિસ્તાર્યું છે.

“કોન્સેપ્ટ ઑફ અતત્વભિનિવેશ ઇન આયુર્વેદ” વિષયક પુસ્તકના લેખક ડૉ. રાજેશ કોટેચાને 2007માં હકીમ અઝમલખાન સોસાયટી, નવી દિલ્હી તરફથી અપાતો “ગ્લોબલ આયુર્વેદ ફિઝિશિયન એવોર્ડ” દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી શીલા દિક્ષીતના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો અને 2008માં ઇન્ટરનેશનલ એકેડમી ઓફ આયુર્વેદ ફિઝિશિઅન્સ તરફથી “આયુર્વેદ રત્ન” એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ તા.08/04/2015ના રોજ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી તરફથી તેમને પદ્મશ્રી પુરસ્કાર-2015 એનાયત થતા સમગ્ર આયુર્વેદ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852

બિડાણ : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના યુવા કુલપતિશ્રી વૈદ્યશ્રી રાજેશ કોટેચા "પદ્મશ્રી" એવોર્ડ સ્વીકારે છે તે અંગેની તસ્વીર

---

નં.આયુ/યુનિ/માહિતી/2015-16/130 તારીખ :09-04-2015

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

.....................................

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાને લાભાર્થે બહોળી પ્રસિદ્ધ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/પ્રસારિત કરવા વિનંતી.

આભાર સહ,

આપની વિશ્વાસુ,

( એમ.પી.ત્રિવેદી )

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાના:

1. સર્વે તંત્રીશ્રી-પ્રેસ પ્રતિનિધિશ્રીઓ તરફ (ઇ.મેઇલથી મોકલેલ છે.)
2. નાયબ માહિતી નિયામકશ્રી,લાલબંગલો,જામનગર(સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ (આપના વિભાગમાં નોટીસ બોર્ડમાં મૂકવાની સૂચના સાથે.)
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)
5. આયુર્વેદ ફોર હેલ્થ-૧૬ સરસ્વતી સોસાયટી અડાલજ,ગાંધીનગર
6. તંત્રીશ્રી,ન્યુઝ લેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ., જામનગર
7. તંત્રીશ્રી,ન્યુઝ ફલેશ, આચાર્યશ્રી, આઇ.આઇ.એ.પી.એસ., જામનગર

